અપીલ અરજી નં. ૬૦૫ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી ચોક બજાર ચાર રસ્તા પર (કોપોરેશન જવાના રસ્તા પર) હાલમાં થતા મસ્જીદના બાંધકામ બાબત મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે હાલમાં મસ્જીદનું બાંધકામ શરૂ છે તે બાંધકામ કરવા અંગેની મંજૂરી આપના વિભાગ તરફથી આપવામાં આવી હોય તો તે મંજૂરી પત્રની નકલ આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૫/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી ચોક બજાર ચાર રસ્તા પર (કોર્પોરેશન જવાના રસ્તા પર) હાલમાં થતા મસ્જીદના બાંધકામ બાબત મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે હાલમાં મસ્જીદનું બાંધકામ શરૂ છે તે બાંધકામ કરવા અંગેની મંજૂરી આપના વિભાગ તરફથી આપવામાં આવી હોય તો તે મંજૂરી પત્રની નકલ આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૬૦ તા.૧૪–૨–૧૨ ના પત્રથી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે અને ત્યાર બાદ નારજગી હોય તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ સેલ /૨૪૮૮ તા.૨૮–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૦૧૯ તા.૧૩–૧–૧૨ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીથી ચોક બજાર ચાર રસ્તા પર (કોર્પોરેશન જવાના રસ્તા પર) હાલમાં થતા મસ્જીદના બાંધકામ બાબતની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૦૧૯ તા.૧૩–૧–૧૨ થી સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી નારાજ થઈ તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) ચોક બજાર ચાર રસ્તા સ્થળે હાલમાં મસ્જીદનું બાંધકામ શરૂ છે તે બાંધકામ કરવા અંગેની મંજૂરી આપના વિભાગ તરફથી આપવામાં આવી હોય તો તે મંજૂરી પત્રની નકલ આપશો.મુદ્દા નં.(૨) આ મસ્જીદના બાંધકામ પાસે કોર્પોરેશનને કેટલા ફુટનો ફુટપાથ છે તેની વિગત આપશો તથા આ ફુટપાથ બાદ કેટલા ફુટની જગ્યા છોડીને બાંધકામ કરવાની પરમીશન આપના વિભાગે આપી છે તેની વિગતો આપશો. મુદ્દા ન.(૩) આ મસ્જીદના બાંધકામમાં જુની મસ્જીદના બાંધકામમાં જુની મસ્જીદ કરતાં કેટલા ફુટ ઉંચી મસ્જીદનું બાંધકામ કરવાની પરમીશન આપના વિભાગે આપી છે તેની વિગત આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૦૧૯ તા.૧૩–૧–૧૨ થી તેમના ધ્વારા વોર્ડ

નંબર તથા મિલ્કત નંબર દર્શાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે આકારણી દફતરે કે પાણી અથવા ડ્રેનેજના દફતરે રેકર્ડ આધારીત માહિતીની ઓળખ થઈ શકતી હોય તો તેવી વિગતના આધારે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવી રહે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૩–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી શહેર વિકાસ વિભાગ સિવાયના અન્ય આકારણી, ડ્રેનેજ કે પાણી વિભાગના દફતરે જો તેવી મિલ્કતની ઓળખ થઈ શકતી હોય તો તેના આધારે શહેર વિકાસ વિભાગની દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭((૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અન્યથા જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૩–૧–૧૨ ના રોજ આપેલ પ્રત્યુત્તર યથાવત રહેવા પામે છે તેવું અરજદારને પુનઃ અત્રેની જાણ હેઠળ જણાવવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ